## પાયણાં (પથ્થર)

રાત-દી ખુલ્લા જ રે છે પાયણાં,
ધગધગે છે ને ઠરે છે પાયણાં.

વજ્ર શા ચોરસ ખભા તુર્તજ ધરી,
ટ્રક ગબડતી ટેકવે છે પાયણાં.

એક લ્હેરે આભમાં ઉડી જતાં,
જો! પતંગો સાચવે છે પાયણાં.

ના કહો: 'પથ્થર ઉપર પાણી ફર્યું',
જળ પ્રપાતે થરથરે છે પાયણાં.

બહાર કે ભીતર કશે દોડયા વિના,
ઊંબરો થઇને રહે છે પાયણાં

છે સખત પણ કેટલાં છે એ સરળ,
જે કહો એ ઘાટ લે છે પાયણાં.

આમ તો હર જીવની જેમજ જુઓ-
પૃથ્વીનાં પટ પર મરે છે પાયણાં.